**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૯.૦૩.૨૦૦૯**

## ભાજપ-શિવસેના કાર્યકર્તાઓએ પરિવર્તન માટે આગેવાની લેવી : રામ નાઈક
## ઉત્તર મુંબઈભાજપ-શિવસેના યુતીનાં કાર્યકર્તાનું સંયુકત સંમેલન

**મુંબઈ,રવિવાર :** "શાસકીય સ્તરે સમાજનાં વિકાસ કાર્યો ની ગતી ધીમી પડી ગઈ છે,મોંઘવારી પોતાના સર્વોચ્ચ સ્તરે પહોંચી છે.મંદી,બેરોજગારી આતંકવાદ ઉપનગરીય પ્રવાસીઓનાં પ્રશ્નો, ગોરેગામ થી દહિસર ખાનગી વન જમીન પર રહેનારાં નાગરિકોની સમસ્યા વગેરે વિવિધ સ્તર પરની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં કોંગ્રેસ સરકાર નિષ્ફળ ગઈ છે.આ સમસ્યાઓનું જો સમાધાન ઈચ્છતા હો તો સમાજના વિકાસની ગતી વધારવાની ગરજ છે અને તે માટે પરિવર્તન એ જ એકમાત્ર ઉપાય છે.તે માટે ભાજપ-શિવસેનાના કાર્યકર્તાઓએ આગેવાની લેવી".આ મુજબનું આવાહ્ન ઉત્તર મુંબઈ ભાજપ તરફથી આયોજીત કરેલ બોરીવલી અને મલાડમાં ભાજપ-શિવસેના ના કાર્યકર્તાઓનાં સંમેલનમાં શ્રી રામ નાઈકે કર્યું હતું.

" ભારતીય જનતા પાર્ટી-શિવસેના બંન્નેએ પ્રત્યેક મતદાન કેંદ્રમાંના ઠેઠ બૂથ સૂધી સમિતી સ્થાપન કરી કાર્યકર્તાઓનું જાળું નિર્માણ કરેલ છે.આ સર્વેનાં કામને વેગ આપી વધુ માં વધુ મતદારો સૂધી પહોંચીએ" એમ આ પ્રસંગે શિવસેના પ્રમુખ શ્રી વિનોદ ઘોસાળકરે કહ્યું હતું." આ ચુંટણી આપણી સરકાર તો લાવીએ જ પરંતુ દેશમાં સર્વાધિક મતાધિકય ઉત્તર મુંબઈમાં મેળવીને દાખવીએ",એ મુજબનું આવાહ્ન મુંબઈ ભાજપના અધ્યક્ષ ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી એ કાર્યકર્તાઓને કર્યું.

બોરીવલી અને મલાડ એમ બંન્ને સ્થળે એકજ સમયે સંમેલન આયોજીત કર્યાં છતાંયે બંન્ને સ્થળે કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં સહભાગી થયાં હતાં. આ પ્રસંગે ઉત્તર મુંબઈ ભાજપ અધ્યક્ષ શ્રી યોગેશ સાગર,મહારાષ્ટ્ર ભાજપ ના ઉપાધ્યક્ષ શ્રી વિજય ભાઈ ગિરકર વગેરેનાં ભાષણો થયાં અને સર્વશ્રી જયપ્રકાશ ઠાકૂર,રમેશ મેઢેકર,અતુલ ભાતખળકર,હૈદર આઝમ,મોહન મિઠબાવકર ,ભારતી કેણી,ભાલચંદ્ર મ્હાત્રે,વિજય વાલાવલકર,શોભા પાનસરે,હંસાબેન દેસાઈ,શર્મિલા શિંદે,મધુકર રાઉત,શ્રીધર શેલાર રેણુકા શિંદે,સૌ.ગીતા ચાફેકર,ગંગારામ જમનાની,આર.યુ.સિંહ,શૈલજા ગિરકર,જ્ઞાનમુર્તિ શર્મા,રામ બારોટ વગેરે યુતિનાં પ્રમુખ પદાધિકારી પણ સંમેલનમાં ઉપસ્થિત હતાં.

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**ભ્રમણધ્વની :૯૮૬૭૬૮૯૫૪૦**